eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 224
April 16, 2010

## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" અંતર્ગત સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન(વરાછા) ખાતે મફત રોગ નિદાન કેમ્પ અને બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન

"સ્વર્ણિમ ગુજરાત વર્ષ ૨૦૧૦" ની ઉજવણી અંતર્ગત પૂર્વ ઝોન વરાછા ખાતે આજ રોજ "મફત રોગ નિદાન કેમ્પ" અને બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરંજ અર્બન હેલ્થ સેન્ટર ખાતે કરવામાં આવેલ. બ્લડ ડોનેશન કેમ્પ અને મફત રોગ નિદાન કેમ્પમાં ડેપ્યુટી મેયરશ્રી કુમારભાઈ કાનાણી, શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, માજી મેયરશ્રી કનુભાઈ માવાણી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે માર્ચ ૨૦૧૦ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પિટલમા માહે માર્ચ ૨૦૧૦ દરમ્યાન ૩૭૫૬ ઈન્ડોર તથા ૪૧૧૨૩ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૬૩૯ તથા ૮૭૬ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વિકસતા સુરતની ઝાંખી કરાવતા ફોટો પ્રદર્શન બાબત

સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦ ઉજવણી રાજય સરકારની સાથોસાથ સુરત મહાનગરપાલિકા ધ્વારા પણ વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહયા છે. તે સંદર્ભે "વિકસતા સુરતની ઝાંખી કરાવતા ફોટો પ્રદર્શન" યોજી ૫૦ વર્ષ પહેલાના સુરતની ઝાંખી સાથે ત્યારબાદ ઉત્તરોત્તર થયેલ વિકાસનાં કામો સાકાર થતા કાયાપલટ પામતા સુરતની ઝાંખી કરાવતું પ્રદર્શન યોજવાનું વિચારણા હેઠળ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોનમાં ડીમોલીશનની કામગીરી

ડે.કમિશ્નરશ્રી (જન)ની સૂચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોનનાં શહેર વિકાસ તથા દબાણ ખાતા મારફત તા. ૭/૪/૨૦૧૦ના રોજ નીચે મુજબ ડિમોલીશન કરેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૦/૦૪/૨૦૧૦ થી તા.૧૧/૦૪/૨૦૧૦ દરમ્યાન મેયર કપ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન



સુરત મહાનગરપાલિકા દ્વારા મેયર કપ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન તા. ૧૦/૦૪/૨૦૧૦ થી તા. ૧૧/૦૪/૨૦૧૦ દરમ્યાન લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડીયમ, ડુમસ રોડ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં મહાનગરપાલિકાની વહીવટી પાંખ, ચુટાયેલી પાંખ, પત્રકાર સંઘ ટીમ, એસ.એમ.સી.રીપોટર્સ ટીમ, પ્રેસ ફોટોગ્રાફર અને ચેનલના પ્રતિનિધિની ટીમે ભાગ લીધો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" અંતર્ગત સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન(વરાછા) ખાતે મફત રોગ નિદાન કેમ્પ અને બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન

"સ્વર્ણિમ ગુજરાત વર્ષ ૨૦૧૦" ની ઉજવણી અંતર્ગત પૂર્વ ઝોન વરાછા ખાતે આજ રોજ "મફત રોગ નિદાન કેમ્પ" અને બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરંજ અર્બન હેલ્થ સેન્ટર ખાતે કરવામાં આવેલ. બ્લડ ડોનેશન કેમ્પ અને મફત રોગ નિદાન કેમ્પમાં ડેપ્યુટી મેયરશ્રી કુમારભાઈ કાનાણી, શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, માજી મેયરશ્રી કનુભાઈ માવાણી, આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી સ્મિતાબેન પટેલ, સાંસ્કૃતિક સમિતિના ચેરમેનશ્રી મંજુલાબેન સાવલિયા, સ્ટેન્ડીંગ કમિટિના મેમ્બરશ્રી સમીરભાઈ બોઘરા, મ્યુ. સદસ્યશ્રી નરેશભાઈ ધામેલીયા, શ્રી જાદવભાઈ રાદડીયા, કાર્યપાલક ઈજનેરશ્રી જરીવાલા, કાર્યપાલક ઈજનેરશ્રી ભરતભાઈ દલાલ, નાયબ આરોગ્ય અધિકારીશ્રી કે.એ.શ્રોફ વિગેરે મહાનુભાવોએ કેમ્પનું ઉદઘાટન કરી કેમ્પની કામગીરી શરૂ કરવામાં આવી.

સ્મીમેર હોસ્પિટલ ખાતેથી વિવિધ રોગોના તજજ્ઞો હાજર રહી તેમની સેવા આપવામાં આવેલ હતી. મફત રોગ નિદાન કેમ્પમાં ૨૫૩ દર્દીઓએ લાભ લીધો હતો. અને કુલ ૨૮ દાતાઓએ બ્લડ ડોનેટ કરેલું હતું. અને રોગ ન થાય તે માટે શું કાળજી લેવી તે બાબતે આરોગ્ય પ્રદર્શનનો લાભ લીધેલ હતો.

TOP

## માહે માર્ચ ૨૦૧૦ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પિટલમા માહે માર્ચ ૨૦૧૦ દરમ્યાન ૩૭૫૬ ઈન્ડોર તથા ૪૧૧૨૩ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૬૩૯ તથા ૮૭૬ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૮૫૯૯ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૫૩૪ અને જુના ૩૯૬ દર્દીઓ સહીત કુલ ૯૩૦ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૬૬૨ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૪૬૮ તથા આંખ વિભાગમાં ૩૩૭૪ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી વિભાગમાં કુલ ૧૨૨૫૮ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## વિકસતા સુરતની ઝાંખી કરાવતા ફોટો પ્રદર્શન બાબત

સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦ ઉજવણી રાજય સરકારની સાથોસાથ સુરત મહાનગરપાલિકા દ્વારા પણ વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહયા છે. તે સંદર્ભે ''વિકસતા સુરતની ઝાંખી કરાવતા ફોટો પ્રદર્શન'' યોજી ૫૦ વર્ષ પહેલાના સુરતની ઝાંખી સાથે ત્યારબાદ ઉત્તરોત્તર થયેલ વિકાસનાં કામો સાકાર થતા કાયાપલટ પામતા સુરતની ઝાંખી કરાવતું પ્રદર્શન યોજવાનું વિચારણા હેઠળ છે. જે માટે સુરતના મહાનગર તરીકે રૂપાંતર થયા પહેલાના/દરમ્યાનના જુની મિલકતો, સ્થળ, ઘટના વિગેરેના ફોટોગ્રાફ, પેઈન્ટીંગ વિગેરે પ્રદર્શનમાં આમેજ કરી શકાય તે હેતુસર ઉપલબ્ધ કરાવવા આથી જાહેર જનતાને હાર્દિક અપીલ/વિનંતી કરવામાં આવે છે.

આવા ફોટોગ્રાફ, પેઈન્ટીંગ જેવા સાધનિક આધાર જેઓ પાસે ઉપલબ્ધ હોય અને પ્રદર્શનમાં આમેજ કરાવવા ઈચ્છા ધરાવનારાઓ કુ.ભામીની એ. મહીડા, ચીફ કયુરેટર (મોબાઈલ નં. ૯૭૨૪૩ ૪૫૨૩૧) નો સંપર્ક કરી તા.૨૦/૪/૨૦૧૦ સુધીમાં સાયન્સ સેન્ટર, સીટી લાઈટ રોડ, સુરત ખાતે જમા કરાવી શકશે. જે પ્રદર્શન પૂર્ણ થયા બાદ પરત કરવામાં આવશે.

સહકારની અપેક્ષા સહ.

TOP

## સાઉથ ઝોનમાં ડીમોલીશનની કામગીરી

ડે.કમિશ્નરશ્રી (જન)ની સૂચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોનનાં શહેર વિકાસ તથા દબાણ ખાતા મારફત તા. ૭/૪/૨૦૧૦ના રોજ નીચે મુજબ ડિમોલીશન કરેલ છે.

(૧) સાઉથ ઝોન (ઉધના)માં પાંડેસરા હાઉસીંગ બોર્ડમાં પ્લોટ નં. બી/૭ માં હયાત ગ્રાઉન્ડ ફ્લોરની ઉપર બનાવવામાં આવેલ બાંધકામના સ્લેબમાં ગાબડા તથા ચણતર સહિતના બાંધકામનું આશરે ૬૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ડિમોલીશન કરવામાં આવેલ છે.

(૨) સાઉથ ઝોન (ઉધના) માં પાંડેસરા હાઉસીંગ બોર્ડમાં પ્લોટ નં. ૫ ૧૪ માં બીજા માળે આશરે ૮૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં સ્લેબ માટેનું શટરીંગ કામ દૂર કરવામાં આવેલ છે. પ્લોટ નં. ૫૧૨ માં ગ્રાઉન્ડ ફ્લોરના સ્લેબ માટે આશરે ૮૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં સ્લેબ માટેનું શટરીંગ કામ દૂર કરવામાં આવેલ છે.

(૩) સાઉથ ઝોન (ઉધના)માં ગણેશનગર હાઉસીંગ બોર્ડમાં પ્લોટ નં. ૩૧ માં હયાત ગ્રાઉન્ડ ફ્લોરની ઉપરના સ્લેબમાં આશરે ૨૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ગાબડા પાડી દૂર કરવામાં આવેલ છે.

ઉપરોકત ડિમોલીશનના વહીવટી ખર્ચ પેટે રૂા. ૪૭,૫૦૦/– મિલ્કતદારો પાસેથી વસુલ લેવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૦/૦૪/૨૦૧૦ થી તા.૧૧/૦૪/૨૦૧૦ દરમ્યાન મેયર કપ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન



સુરત મહાનગરપાલિકા દ્વારા મેયર કપ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન તા. ૧૦/૦૪/૨૦૧૦ થી તા. ૧૧/૦૪/૨૦૧૦ દરમ્યાન લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડીયમ, ડુમસ રોડ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં મહાનગરપાલિકાની વહીવટી પાંખ, ચુટાયેલી પાંખ, પત્રકાર સંધ ટીમ, એસ.એમ.સી.રીપોટર્સ ટીમ, પ્રેસ ફોટોગ્રાફર અને ચેનલના પ્રતિનિધિની ટીમે ભાગ લીધો હતો.

પ્રથમ મેચ તા.૧૦/૦૪/૨૦૧૦ના રોજ સવારે ૮.૦૦ કલાકે મેયર ઈલેવન વર્સીસ પ્રેસ ફોટોગ્રાફર અને ચેનલની ટીમના ખેલાડીઓ વચ્ચે રમાઈ હતી. પ્રેસ ફોટોગ્રાફર અને ચેનલની ટીમે ટોસ જીતી મેયરશ્રીની ટીમને પ્રથમ દાવમાં ઉતારી હતી. જેઓએ ૨૦ ઓવરમાં બે વિકેટના ભોગે ૧૭૩ રન કર્યા હતા. જેમાં મ્યુ.સભ્યશ્રી મનોજભાઈ લોટવાલાએ ૩૬ બોલમાં ૬૨ રન કર્યા હતા. અને પ્રેસ ફોટોગ્રાફરની ટીમ વતી મુકેશભાઈ ત્રિવેદીએ ૧૩ રન આપી ૧ વિકેટ ઝડપી હતી. તેની સામે પ્રેસ ફોટોગ્રાફરની ટીમનો દાવ ૯૭ રનમાં સમાપ્ત થયો હતો. જેમાં ભાવિનભાઈ પારેખે ૪૦ બોલમાં ૪૫ રન કર્યા હતા. અને મેયરશ્રીની ટીમ વતી શ્રી કિશોરભાઈ વાઘેલાએ ૭ રનમાં ૩ વિકેટ ઝડપી હતી. આમ મેયરશ્રીની ટીમનો ૭૬ રને વિજય થયો હતો. ત્યારબાદ બપોરે ૧૧.૩૦ કલાકે સુરત શહેર પત્રકાર સંઘ ઈલેવન અને એસ.એમ.સી.રીપોટર્સ ઈલેવન વચ્ચે મેચ રમાઈ હતી. જેમાં સુરત શહેર પત્રકારસંઘ ઈલેવને ટોસ જીતી પ્રથમ બેટીંગ લીધી હતી. તેઓએ ૨૦ ઓવરમાં ૬ વિકેટના ભોગે ૧૧૧ રન કર્યા હતા. જેમાં પરિમલભાઈ ચાસિયાએ ૧૬ બોલમાં ૨૧ રન કર્યા હતા. અને એસ.એમ.સી.રીપોટર્સ ટીમ વતી શ્રી મહેન્દ્રભાઈ પટેલે ૪ રન આપી બે વિકેટ ઝડપી હતી. જેની સામે એસ.એમ.સી.રીપોટર્સ ટીમ ૭૨ રનમાં ઓલ આઉટ થઈ હતી. જેમાં શ્રી ભાસ્કરભાઈ બોરસલ્લીવાળાએ ૨૭ બોલમાં ૧૮ રન કર્યા હતા, અને સુરત શહેર પત્રકાર સંઘના બોલર શ્રી સંજયભાઈ વૈરાગીએ ૫ રનમાં ૩ વિકેટ ઝડપી હતી. આમ સુરત શહેર પત્રકાર સંઘ ઈલેવનનો ૩૯ રને વિજય થયો હતો.

Continue …

તા.૧૧/૦૪/૨૦૧૦ના રોજ સવારે ૮.૦૦ કલાકે કમિશનર ટીમ અને સુરત શહેર પત્રકાર સંઘની ટીમ વચ્ચે રમાયેલ મેચમાં સુરત શહેર પત્રકાર સંઘની ટીમે ટોસ જીતી પ્રથમ દાવ લઈ ૯૦ રન કર્યા હતા. જેમાં શ્રી રાજુભાઈ આમલીવાલાએ ૨૩ બોલમાં ૨૨ રન કરી અણનમ રહયા હતા. જયારે કમિશનર ટીમ વતી બોલરશ્રી યોગેશભાઈ પટેલે ૧૫ રન આપી ૨ વિકેટ ઝડપી હતી. આ ટાર્ગેટને કમિશનર ઈલેવને ૧૬.૨ ઓવરમાં ૫ વિકેટના ભોગે ૯૩ રન કરી પૂર્ણ કર્યો હતો. જેમાં શ્રી જીતેન્દ્રભાઈ પરમારે ૨૩ બોલમાં ૩૪ રન કર્યા હતા. અને સુરત શહેર પત્રકાર સંઘ ઈલેવન વતી શ્રી કૌશલભાઈ બારોટે ૧૫ રન આપી ૨ વિકેટે ઝડપી હતી. આમ કમિશનર ટીમનો ૫ વિકેટે વિજય થયો હતો. મેયર કપ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલ મેચ મેયરશ્રી ઈલેવન અને કમિશનરશ્રી ઈલેવન વચ્ચે ૧૧.૩૦ કલાકે શરૂ થઈ હતી. જેમાં મેયરશ્રી ઈલેવને ટોસ જીતી પ્રથમ દાવ લઈ ૨૦ ઓવરમાં ૫ વિકેટના ભોગે ૮૫ રન કર્યા હતા. જેમાં શ્રી મનોજભાઈ લોટવાળાએ ૬૩ રન કર્યા હતા. જયારે



કમિશનરશ્રીની ટીમ વતી શ્રી વી.ડી.પટેલે ૧૧ રન આપી ૩ મહત્વપૂર્ણ વિકેટ ઝડપી હતી. તેની સામે કમિશનરશ્રી ઈલેવને ૧૫.૩ ઓવરમાં ૨ વિકેટ ગુમાવી ૮૭ રન કરી ટુર્નામેન્ટમાં વિજય કપ મેળવ્યો હતો. જેમાં શ્રી પ્રવિણભાઈ પટેલે ૩૫ બોલમાં ૩૯ રન કર્યા હતા. તેની સામે મેયરશ્રી ઈલેવન વતી બોલર શ્રી ભુપેન્દ્રભાઈ રાઠોડે ૨૦ રન આપી ૨ વિકેટ ઝડપી હતી. આ મેચમાં મેન ઓફ ધ મેચ શ્રી વી.ડી.પટેલ ઘોષિત થયા હતા. આ ટુર્નામેન્ટમાં મેન ઓફ ધ સીરીઝશ્રી મનોજભાઈ લોટવાલા, બેસ્ટ બેસ્ટમેનશ્રી ભુપેન્દ્રભાઈ રાઠોડ, બેસ્ટ બોલરશ્રી કૌશલભાઈ બારોટ, બેસ્ટ ફિલ્ડર ડે. કમિશનર (જન.) શ્રી મહેશસીંઘ અને વિપુલ નવસારીવાલા ઘોષિત થયા હતા.

સદર ટુર્નામેન્ટમાં મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા, ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણી, ડે.મેયરશ્રી કિશોરભાઈ કાનાણી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, શાસકપક્ષ નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી મંજુલાબેન સાવલિયા, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, અધિકારીગણ તથા આમંત્રિતો મોટી સંખ્યામાં હાજર રહયા હતા. સુરત ડિસ્ટ્રીકટ ક્રિકેટ એસોશીએસને આ ટુર્નામેન્ટ માટે લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડિયમ વિનામૂલ્યે ફાળવ્યું હતું.

TOP